# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૮/૧/૨૦૨૦

તંત્રીશ્રી, _____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'હાઉ ટુ ટ્રેડ ઈન ધ ન્યુ ડીકેટ' વિષય ઉપર અવેરનેસ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ગુજરાતમિત્રના સંયુકત ઉપક્રમે શનિવારે, તા. ૧૮ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ બપોરે ૨:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'હાઉ ટુ ટ્રેડ ઈન ધ ન્યુ ડીકેટ' વિષય ઉપર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ચાર્ટ એડવાઇઝના ફાઉન્ડર અને ચીફ ટેકનીકલ એનાલિસ્ટ શ્રી રાજા વેંકટરામન દ્વારા હેતુલક્ષી વકતવ્ય રજૂ કરી રોકાણકારોને મહત્વનુ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, ચેમ્બર કરન્ટ અફેર્સ અને ઇન્ડસ્ટ્રીના ઇશ્યુ વિશે એકટીવ રહીને કામ કરે છે. સાથે જ નિષ્ણાત વકતાઓને આમંત્રિત કરી ઉદ્યોગકારો તેમજ રોકાણકારોને માર્ગદર્શન મળે તેના માટે અવેરનેસ સેશન યોજે છે. આજના સેશનમાં પણ નિષ્ણાંત વકતા રોકાણકારોને યોગ્ય દિશામાં રોકાણ કરવા માટેનું માર્ગદર્શન આપશે.

વકતા શ્રી રાજા વેંકટરામને જણાવ્યુ હતુ કે, શેર બજારમાં ઇઝી મની કયારેય બનતા નથી. રોકાણકારોને માર્કેટમાં કામ કરવુ જ પડે છે. એના માટે રોકાણકારોને ટ્રેડીગ નોલેજ મેળવવુ પડે છે. રૂપિયા બનાવવા માટે રોકાણકારોને ચાર્ટ એનાલિસિસનું જ્ઞાન હોવુ જોઇએ. કારણ કે દર વખતે બદલાતા માર્કેટમાં ટકી રહેવા માટે માર્કેટની સમજણ હોવી જરૂરી છે. જેથી કરીને સામાન્ય રોકાણકાર પણ ટ્રેડીગ કરી શકે છે. તેમણે સામાન્ય રોકાણકાર પણ ચાર્ટ એનાલિસિસ કઈ રીતે કરી શકે તે અંગે પ્રેઝન્ટેશન થકી વિસ્તૃતપણે માહિતી આપી હતી.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૫ ટકા લોકો શેર બજારમાં રોકાણ કરી પૈસા કમાવવા માટે ભાગ લઇ રહયા છે. દેશમાં આ સંખ્યા જેટલી વધશે એટલું માર્કેટ ઉચું જશે. રોકાણકારોને એન્ટ્રાટ્રેડ ટ્રેડીંગ વિશે માહિતી આપી ટર્બો સ્ટ્રેટેજીમાં બાય અને સેલના ચાર્ટ અંગે સમજણ આપી હતી. આ ચાર્ટમાં બ્રેકડાઉન અથવા બ્રેકઆઉટ જોઇને કામ કરવાનુ હોય છે. બીજી સ્ટ્રેટેજી સ્પ્રીન્ટ કે જે લોન્ગ બોડી કેન્ડલ તરીકે ઓળખાય છે તેના વિશે માહિતી આપી હતી. મોમેન્ટમ ઇન્ડીકેટર વિશે સમજણ આપતા જણાવ્યુ હતુ કે રોકાણકારોએ હંમેશા પ્રાઇઝની સાથે મોમેન્ટમ જોવુ જરૂરી છે.

શ્રી વેંકટરામને વધુમાં કહયુ કે માર્કેટમાં સારો માહોલ ઉભો થનાર છે. જો કે, એના માટે કયા સેકટરમાં કામ થઇ રહયુ છે તેનો અભ્યાસ કરીને રોકાણ કરી રૂપિયા બનાવવા પડશે. તેમણે એલ્ગોજ અને આર્ટિફિશીયલ ઇન્ટેલીજન્સ વિશે પણ માહિતી આપી હતી.

ચેમ્બરની કેપીટલ એન્ડ કોમોડીટી માર્કેટ કમિટીના ચેરમેન શ્રી કેતન દલાલે સેશનનું સંચાલન કર્યુ હતુ. જયારે કમિટીના સભ્ય શ્રી દિપેશ પરીખે પ્રાસંગિક વિધી કરી હતી.